# માતૃભાષા

ભાષા સંસ્કૃતિનો પ્રાણ છે

આવો આપણે સાથે મળી માતૃભાષાને બિરદાવીએ

No. 52 - August 2009 | MATRUBHASHA | Language – Gujarati

(Australia's First and Only Gujarati magazine, First published : January 2001)

અંક નંબર ૫૨ - ઓગસ્ટ ૨૦૦૯ | માનદ તંત્રી - પ્રવીણ વાઘાણી | કિંમત: જેવો જેનો ભાષાપ્રેમ


## સંયુક્ત કુટુંબના અવશેષો



સુતારનો દીકરો સુતાર બને, દરજીનો દીકરો દરજી બને, દુકાનદારનો દીકરો દુકાનની ગાદી સંભાળે, બધા સાથે રહે અને સંપ હોય તો એક સુખી સંયુક્ત કુટુંબ બને. આ બધું હતું આપણા સંયુક્ત કુટુંબના પાયામાં. પાયા મજબૂત હોય તો ઈમારત ટકે નહિતર હવાના નાના એવા ઝોકામાં પડી ભાંગે.

આધુનિક સમયમાં ભણતરે આ પાયા હચમચાવી નાખ્યા છે. ભણતર હવે દીકરાને તેના બાપના વ્યવસાયથી અળગો કરી મૂકે છે. ભણતર જુદું, વ્યવસાય કે નોકરી જુદા બને, માબાપની વિચારસરણી સાથે તેની વિચારસરણીને મેળ પડતો નથી. એક ઘરમાં, એક છાપરા નીચે રહેવું હવે સહેલું નથી રહ્યું. માબાપને ઘેર બનાવેલા ખાટાં ઢોકળાં ખાવા હોય ત્યારે દીકરાવહુને પાણીપૂરી કે પીત્ઝા ખાવા રેસ્ટોરન્ટમાં જવું હોય. એક રસોડે સાથે જમી પણ શકતા નથી. અને કયારેક નોકરી કે ધંધો દીકરાને માબાપથી દૂરના શહેરમાં પણ લઈ જાય.

યુવાવર્ગને એ ફાવી ગયું છે. એમના ન્યુક્લિયર જીવન માટે એ બિલકુલ ફીટ બેસી જાય તેવું છે. 'અમે બે, અમારા બે'. કુટુંબ નાનું ને હળવું ફૂલ જેવું રાખવું હોય તો 'ઉપરના બે'નો બોજો શા માટે વેંઢારવો જોઈએ ? સંયુક્ત રહેવામાં યુક્તિઓ બહુ અજમાવવી પડે. માથે કાંઈ આવી પડે તે કરતાં અળગા રહેવામાં વધારે સલામતી દેખાય છે. દીકરાઓ જ્યારે પરદેશ જઈને વસે ત્યારે વૃદ્ધ માબાપને ઘણીવાર તેમની પાછળ ઘસડાવું ફાવતું પણ નથી. વરસમાં છ મહિના જ્યાં બરફની ઠંડીમાં હાડકાં થીજી જતા હોય તે કેનેડા જેવા દેશમાં જો દીકરો સ્થાયી રહેવાનું નક્કી કરે તો તો માબાપ સામે ચાલીને હાથ જોડીને દીકરાને કહે કે, 'બેટા, ત્યાંની બરફ જેવી ઠંડીમાં અમારા ગાત્રો થીજી જશે, એના કરતાં દેશની ગરમીમાં પરસેવે પીગળવાનું અમને વધારે અનુકૂળ લાગશે.' મોટે ભાગે માબાપને માસિક સાલિયાણું આપીને તેમને દેશમાં રહેવા દેવામાં દીકરાને પોતાનું જ ભલું દેખાતું હોય છે !

એકંદરે એક યા બીજા કારણોસર સંયુક્ત કુટુંબની પ્રથા ઓસરતી ચાલી છે. પ્રેમસંબંધો તો ઝીણા તાંતણે જોડાયેલા હોય છે. અને એ તાંતણો મોટા અંતર વચ્ચે કે પરસ્પર વિરોધાભાસી વિચારસરણી વચ્ચે ખેંચાય ત્યારે તૂટી પણ જાય. માબાપની સેવા કરનારા શ્રવણ જેવા દીકરાઓ તો હવે પુરાણની સ્વપ્નકથાઓમાં જ રહ્યા. રામાવતારનો શ્રવણ કૃષ્ણાવતારમાં પણ દેખાયો નથી તો આ કળિયુગમાં દેખાવાનો વિચાર જ કેમ કરી શકાય ?

આ સંજોગોમાં ઘણા વૃદ્ધજનોની જિંદગી બહુ કફોડી અને કરુણ બની ગઈ છે. ખાસ કરીને જેઓ સામાજિક રીતરિવાજોને કારણે દીકરાદીકરી પાછળ ખર્ચ કરીને એટલા તો ઘસાઈ ગયા હોય કે નિવૃત્ત થયા પછી તેમની પાસે કોઈ બચત રહી ન હોય અથવા તો કેટલાકે મુર્ખાઈ કરીને ભોળપણને કારણે પોતાની બધી સંપત્તિ દીકરાઓને સોંપી દીધી હોય અને પછી દીકરાઓએ તેમને ઘરની બહાર કાઢી મૂક્યા હોય.

૨૦૦૭માં ભારતીય કેન્દ્ર સરકારે કાયદો ઘડયો કે દીકરાઓએ નિવૃત્ત અને આવક વગરના વૃદ્ધ માતાપિતાના રહેણાકની અને ભરણપોષણની જવાબદારી અદા કરવાની. તેમ ન કરનાર દીકરાઓ પાસેથી દંડ તરીકે માબાપના ભરણપોષણની રકમ વસુલ કરી માબાપને સારા વૃદ્ધાશ્રમમાં રાખવા. જો કે આ કાયદાના અમલ કરવાની જવાબદારી પ્રાદેશિક સરકારોને સોંપવામાં આવી છે. એટલે તેમાના અમુકે તાત્કાલિક અમલ કર્યો અને અમુક હજી ઠાગાઠઈયા કરે છે.

ભારતની ઘણી પ્રાદેશિક સરકારોની જેમ ગુજરાત સરકારે પણ આખરે આ જવાબદારી સ્વીકારી છે અને એક ટ્રિબ્યુનલની રચના કરવામાં આવી છે. ઉપરાંત 'મેન્ટેનન્સ એન્ડ વેલફેર ઓફ પેરન્ટસ એન્ડ સિનિયર સીટીઝન્સ' કાયદા અન્વયે પ્રાંતના પ્રત્યેક જિલ્લામાં એક આદર્શ વૃદ્ધાશ્રમ બાંધવામાં આવશે. કોઈપણ જાતના ભેદભાવ વિના, તેમને કોઈ સંતાન હોય કે ન હોય, વૃદ્ધજનોને તેમનું શેષ જીવન આદરણિય રીતે અને સુખ તથા સંતોષમાં પસાર કરવાની સવલતો અહીં આપવામાં આવશે.

જે માતાપિતાને તેમના પુત્રો સંભાળશે નહીં તેઓ આ ટ્રિબ્યુનલમાં જઈ અરજી કરીને પુત્રો પાસેથી ભરણપોષણ માગી શકશે. ભરણપોષણ માટે ઓછામાં ઓછા માસિક રૂ.૫૦૦૦ આપવા પડશે. ટ્રિબ્યુનલના આ ચુકાદા સામે સુપ્રિમ કોર્ટમાં અપીલ કરી શકાશે. પણ અત્યારના સરકારના અને પ્રજાના વિચારોને ધ્યાનમાં લેતાં, સુપ્રિમ કોર્ટ દીકરાની તરફેણનો ચુકાદો આપે તેની શક્યતા બહુ ઓછી છે.

ઓસ્ટ્રેલિયામાં તો સરકાર સિનિયર સીટીઝનને પાક્ષિક 'એઈજ પેન્શન' આપે છે. આ જો કે બહુ ઝાઝું નથી હોતું, તો પણ, કરકસરથી રહે તો માણસ સ્વમાનથી જીવી શકે. મોટા ભાગના લોકોએ નિવૃત્ત થતાં સુધીમાં તેમના ઘરની લોન ભરપાઈ કરી દીધી હોય છે એટલે રહેણાકની ચિંતા નથી હોતી. પણ તેમ ન બની શક્યું હોય તો પણ સરકાર માન્ય, અને સરકારની ગ્રાન્ટ મેળવતા વૃદ્ધાશ્રમો છે. અહીં સગવડો ઘણી હોય છે. ખાવા પીવાનું સ્વાસ્થ્યસભર હોય છે. ડોક્ટર નિયમિત આવીને બધાને તપાસી જાય છે. દર અઠવાડિયે એક કે બે વાર શોપિંગ સેન્ટર કે બીચની સફર કે બગીચામાં પીકનીક રાખવામાં આવે છે. મનોરંજન માટે ટીવી અને રેડિયો હોય છે. વાંચવા માટે પુસ્તકો અને સામયીકો હોય છે. ઈન્ટરનેટવાળા કમ્પ્યુટરો હોય છે. એકંદરે જિંદગીના પાછલા વર્ષો સુખ, આરામ અને આનંદમાં પસાર કરવાની બધી સગવડો હોય છે.

આ તો થઈ આર્થિક સલામતીની વાત. આ બહુ જરૂરી છે જ એમાં ના નહીં. શરીરના સ્વાસ્થ્ય માટે રોટી, કપડા, મકાનની સંતોષકારક વ્યવસ્થા તો હોવી જ જોઈએ. પણ એથી ય વધારે જરૂરિયાત માનવજીવન માટે છે માનસિક સ્વસ્થતાની. માણસને માણસની હૂંફ જોઈએ, પ્રેમ જોઈએ, સંબંધોમાં પોતિકાપણું જોઈએ. આપણામાં કહેવત છે કે 'મુડી કરતાં વ્યાજ વ્હાલું' એ હિસાબે વૃદ્ધોને પોતાના પૌત્રો અને દોહિત્રો રમાડવાનું પણ બહુ જ મન હોય. વડીલો પાસે સમય ઘણો હોય એટલે સાંસ્કારિક ગણત્રીએ નાના બાળકોમાં સારા સંસ્કાર સીંચવાનું અગત્યનું કામ એ કરી શકે છે. અને શરીર ચાલતું હોય ત્યાં સુધી ઘરકામમાં મદદ પણ કરી શકે. માનસશાસ્ત્રીઓ વૃદ્ધોની માનસિક શાંતિ અને સ્વાસ્થ્ય માટે ઉપરાંત બાળકોના પ્રાથમિક વર્ષો દરમિયાન તેમના માનસના ઘડતર માટે આ બહુ જરૂરી ગણે છે.

અનુભવના જ્ઞાનની ખાણ બહુ મોટી અને અમૂલ્ય હોય છે. યુવાવર્ગ ભલે માને કે તેમણે તેમના માબાપ કરતાં વધારે ભણતર હાંસલ કર્યું છે અને એ પુસ્તકિયું જ્ઞાન ભલે તેમને ઊંચી પદવી અપાવે કે વધારે કમાણી કરવામાં ઉપયોગી નીવડે પણ સમતુલ અને સુખી જીવન જીવવા માટે અનુભવના વ્યાવહારિક જ્ઞાનની સરખામણીમાં એ તુચ્છ છે. મોટર અને વિમાનની દુનિયામાં ભલે ગાડાં ન હોય પણ 'ઘરડાં ગાડાં વાળે' એ કહેવતમાં હજુ પણ વજુદ છે. મુશકેલીથી ઘેરાયેલા કુટુંબ માટે એક વૃદ્ધનું અનુભવજ્ઞાન બહાર નીકળવાની બારી જરૂર શોધી કાઢે.

આ ગણતરીએ વૃદ્ધ માબાપને વૃદ્ધાશ્રમમાં ધકેલી દેવા એ તેમને સજા કરવા સમાન છે અને તે સાથે યુવાવર્ગ ઘણું ગુમાવે છે તેમજ તેમના જ બાળકોને પારીવારિક સંસ્કારોથી વંચિત રાખવા માટે તેમના બાળકોના ગુન્હેગાર બને છે. સંપત્તિના લોભે વારસાગત જે મળતું હોય તે માબાપ પાસેથી તેમના જીવતાં જ પડાવી લઈ તેમને રસ્તા પર ફેંકી દેવા એ કોઈનું ખૂન કરવા કરતાં પણ વધારે મોટો અપરાધ ગણાવો જોઈએ.

માબાપથી અલગ રહેવાના કારણોનો આપણે વાસ્તવિક પરિસ્થિતિઓની દૃષ્ટિએ પણ વિચાર કરવો રહ્યો અને તેને અનુરૂપ કૌટુંબિક વ્યવસ્થામાં બધાને સંતોષ અને લાભ રહે એ રીતે ફેરફાર કરવા જોઈએ.

Publication: MATRUBHASHA
(Bimonthly)
Language : Gujarati (Indian)
પ્રકાશન ઃ **માતૃભાષા** (શુદ્ધ ગુજરાતીમાં લખાયેલું દ્વીમાસી સામયિક)
માનદ તંત્રી અને પ્રકાશક ઃ પ્રવીણ વાઘાણી
Correspondence and articles to:
The Honorary Editor
(Pravin Vaghani)
4 Fiona crt, Glen Waverley
Vic 3150 (Australia)
Email: matrubhasha@hotmail.com
ઈન્ટવનેટ પર પ્રસિદ્ધ થયેલ કૃતિ મોકલશો નહિ. છપાયેલી કૃતિ માટે કંઈ પુરસ્કાર અપાશે નહી.

Disclaimer: Views expressed in the articles are of the contributors, writers, only. No responsibility is accepted by the honorary editor.

**No Subscriptions:**
MATRUBHASHA can now be viewed on Shri Ratilal Chandaria's Gujarati dictionary website www.gujaratilexicon.com.

Printed edition will be continued to be sent to those who have already subscribed. But after their subscription has expired, they are requested not to send any renewal., but view MATRUBHASHA on the abovementioned website.

# ગું જ ન

## ⌘ રાધા - શ્યામ - રૂક્મિણિ ⌘

આજ રે કાનુડે વા'લે અમશું અંતર કીધો રે
રાધિકાનો હાર હરિએ રૂક્મિણિને દીધો રે.
શેરીએ શેરીએ સાદ પડાવું, ઘેર ઘેર હીંડુ જોતી રે,
રૂક્મિણિની ડોકે મેં તો ઓળખ્યાં મારાં મોતી રે.
જાગતી તો લેવા ન દેતી, કર્મસંજોગે સૂતી રે,
વેરણ નિદ્રા મને આવી રે, 'હરિ હરિ' કે'તી ઊઠી રે.
રાધાજી અતિ રોષે ભરાણાં, નયણે નીર ન માય રે,
"આપો રે હરિ હાર અમારો, નહિતર જીવડો જાયે રે."
થાળ ભરી શગ મોતી મંગાવ્યાં, અણવીધ્યાં પરોવ્યાં રે,
ભલે મળ્યો નરસૈંનો સ્વામી, રૂઠયાં રાધાજી મનાવ્યાં રે.

## ⌘ જળની સત્તા ⌘

**ભાનુપ્રસાદ પંડયા, ગુજરાત**

બધે આભે ઊડે ધૂળડમરી શી વાદળ સમી,
તળાવોની રાને મૃગજળ કરે સૌ નકલ શી !
સવારે પુષ્પોની ઉપર ચળકી ઝાકળકણો કરાવે
ભીનું કૈં સ્મરણ જલવર્ષાનું સમીપે.
બપોરે શેરીની ધૂળમહી પડયાં કોઈ પગલાં
ઉઘાડા નિહાળી થતું, તડતડે પુષ્પ તવીમાં ?
સવારે સીમાડે ધણ લથડતું જો ડગ ભરે,
નિહાળી આકાશે હળપતિ દગે છાજલી ધરે.
અરે, ત્યાં ઈશાની દિશથી ચમકી તેજલ છટા
અને આભે નાની બદરી થૈ શ્યામલ ઘટા
ક્ષણોમાં વિંઝાતી ઝડી શીતળ ફોરાં વરસતી,
જતી ભૂંસાઈ ત્યાં સરહદ ધરા ને ગગનની !
હતાં કોરાં તે સૌ સ્થળ નિકટમાં હ્યાં જળ થયાં,
હવે વ્યાપી સત્તા જળની થળપે બે પલકમાં !

## ⌘ મને કાલ સપનામાં ⌘

**સાંઈરામ દવે**

મને કાલ સપનામાં આવી કવિતા
પ્રભાતે મેં કાગળમાં વાવી કવિતા.
મથ્યો જિંદગીભર ઘણું વ્યક્ત કરવા
છતાં અંત સુધી ના ફાવી કવિતા
મને છેલ્લા શ્વાસે ના કોઈ વાત સૂઝી
વસિયતમાં મેં તો લખાવી કવિતા.
સદા પાર્થ જેવી વ્યથાઓ સહીને
હૃદયની પણછથી ચડાવી કવિતા.
જગત આખું સમજી ગયું એ વ્યથાને
તમે જે રમતમાં ખપાવી કવિતા.
હજુ રંગ ફિક્કો મને લાગતો'તો
જરા લોહી રેડી સજાવી કવિતા.
તમે યાદ આવ્યા, અને એક સાંજે,
અમે પોક મૂકી રડાવી કવિતા.

## ⌘ અક્કલ આવી નહી ⌘

**પલણ સી. એન. ગુજરાત**

લાડુ ખાજો ભજીયા ખાજો ચટણી ખાજો સહી
આ દુનિયામાં રહેવું હોય તો ચા પીશો નહી.
ઈતિહાસ વાંચ્યો, ભુગોળ વાંચી પેપર લખ્યું સહી,
ગોખી ગોખીને થાકી ગયો પણ પાસ થયો નહી.
કાશી ગયો, બનારસ ગયો, પુરી ગયો સહી,
બધા પ્રભુને પગે લાગ્યો પણ જાત્રા ફળી નહી.
પેન્ટ પહેર્યું, કોટ પહેર્યો, નેકટાઈ પહેરી સહી,
એક્ટર જેવી બાબરી પાડી પણ ફેશન આવી નહી.
નાટક ફીલમ સરઘસ જોયા ભવાઈ જોઈ સહી,
ઘણાના ટયુશન લીધા પણ અક્કલ આવી નહી.

## ⌘ કદી હું કદી તું ⌘

**વિનય કવિ, 'બદનામ'**

વાતવાતમાં રિસાઈ ગયાં કદી હું કદી તું
નાહકનાં વલોવાઈ ગયાં કદી હું કદી તું.
હતો પ્રેમ ભરપૂર તો ઈર્ષા ક્યાં હતી ઓછી ?
શંકાની જાળે ફસાઈ ગયાં કદી હું કદી તું.
લયલા, મજનુ અને શીરીફરહાદની માફક,
ઈશ્કમાં તો વગોવાઈ ગયાં કદી હું કદી તું.
મંઝિલ મળે કે નહિ, મળે તો ગમશે કે નહિ,
અટકળોમાં અટવાઈ ગયાં કદી હું કદી તું.
કદી કુટની રીતો કદી સમાજતણાં રિવાજો,
એ બેડીઓમાં બંધાઈ ગયાં કદી હું કદી તું.
ઊગ્યું'તું પરોઢ જીવનનું, ન ઉજાસ ઝીલાયો,
ભાવીનાં ભારે દબાઈ ગયાં કદી હું કદી તું.
માટીનાં માનવી ઉડયાં આદર્શોના આભમાં,
આખરે તો પટકાઈ ગયાં કદી હું કદી તું.
આજ નહિ તો કાલ ફરશે નસીબ આપણું,
રે 'બદનામ' છેતરાઈ ગયાં કદી હું કદી તું.

ધૂમાડો છે તો ક્યાંક આગ હોવી જોઈએ.
પ્રકાશ છે તો ક્યાંક દીવો હોવો જોઈએ.
અંધારુ છે તો ?

## ⌘ કારજીપૂર્વક સાંભરજો ⌘

**શ્યામલ મુન્શી**

હું છું મુરજીભાઈ કારુભાઈ ગોરવારા
કારજીપૂર્વક સાંભરજો નહી તો થાશે ગોટારા

વાદરવારી કારી રાતે પુષ્કર થતી વીજરી
વ્યાકુર હતો હું મરવા
ત્યાં તો તમે જ ગયા મરી
તમે તો જાણે ખરખર ખરખર
વહેતી શીતર જરધારા
કારજીપૂર્વક સાંભરજો નહી તો થાશે ગોટારા

કારઝાર ઉનારે સરગે છે જ્વારા ઘરમાં
અકરાઈને ઘરવારી બોલે છે
પાણી નથી નરમાં !
રોકકર ને કકરાટ કરે છે
બધાં બારક બીચારાં,
કારજીપૂર્વક સાંભરજો નહી તો થાશે ગોટારા

મેરામાંથી એક કબૂતર લીધું છે મેં કાંસાનું
ઢોર બહુ સુંદર છે પાછું ચરકે છે મજાનું
શાંતિના એ દૂત છે, ધોરા, ભોરા ને રૂપારા,
કારજીપૂર્વક સાંભરજો નહી તો થાશે ગોટારા

મૂર પછી ડાર, પછી કુંપર ને કુમરી કરી
ફૂલ ફૂટે એમાંથી, પીરા, ભૂરા ને વાદરી
એની બનાવી મારા,
આપી તમને બનાવી મારા,
કારજીપૂર્વક સાંભરજો નહી તો થાશે ગોટારા

## ⌘ બોસ, આ ગુજરાત છે ! ⌘

અહી પ્રેમ કેરો સાદ છે
પ્રભુજીનો પ્રસાદ છે
ને પ્રકૃતિનો વરસાદ છે !
બોસ, આ ગુજરાત છે !
અહી નર્મદાનાં નીર છે
માખણ અને પનીર છે
ને ઉજળું તકદીર છે !
યસ, આ ગુજરાત છે.
અહી ગરબા રાસ છે
વળી જ્ઞાનનો ઉજાસ છે
ને સોનેરી પરભાત છે !
અલ્યા, આ ગુજરાત છે !
અહી ભોજનમાં ખીર છે
સંસ્કારમાં ખમીર છે
અને પ્રજા શૂરવીર છે !
એવું આ ગુજરાત છે !
અહી વિકાસની વાત છે
સાધુઓની જમાત છે
ને સઘળી નાતજાત છે !
યાર, આ ગુજરાત છે !
અહી પર્વોનો પ્રાસ છે
તીર્થો તણો પ્રવાસ છે
ને શૌર્યનો સહવાસ છે !
દોસ્ત, આ ગુજરાત છે !
(મોકલનારઃ દિપકભાઈ મંકોડી)

## કાચના સંબંધ

**પ્રવીણ વાઘાણી**

મીનાને ઓપરેશન કરવાનું હતું. હોસ્પિટલમાં દાખલ કરેલી હતી. તેના બે દીકરા અને પતિ માટે જમવાની વ્યવસ્થા કરવાની હતી. તેણે તેના મોટા દીકરા હરીશને કહ્યું, 'જા, નાનીમાને જઈને કહે તમારા ત્રણે માટે રસોઈ બનાવી રાખે. તમે ત્યાં જમી લેજો.'

નાનીમા ? તેમના બે દીકરા ગામમાં હોવા છતાં પોતાના જૂના મકાનમાં એકલા રહેતા હતા. દીકરાઓ કોઈવાર ખબર કાઢી જતા. બેમાંથી એકેયની વહુ કદી આવતી નહી. હરીશની વાત સાંભળીને નાનીમાએ કહ્યું, 'ગઈ સાંજથી ગેસ ખલાસ થઈ ગયો છે. મારે માટે પણ રાંધ્યું નથી. તું એક કામ કર. નજીકમાં જયામાસીને ત્યાંથી કેરોસીન સ્ટવ લાવી આપ તો હું બધાની રસોઈ કરી શકું. અને જો. એમને કહેજે, સ્ટવમાં કેરોસીન ભરીને આપે. મારી પાસે તો કેરોસીન ક્યાંથી હોય ?'

હરીશ ત્યાંથી જયામાસી પાસે ગયો અને તેમને વાત કરી. તેની વાત સાંભળીને જયામાસીએ કહ્યું, 'બા એટલા બધાની રસોઈ કેરોસીન સ્ટવ પર કેવી રીતે કરી શકશે ? મીના હોસ્પિટલમાં દાખલ થઈ છે એ મને કોઈએ કહ્યું કેમ નહી ? ભલે, કંઈ વાંધો નહી. હું બધા માટે રસોઈ બનાવીશ અને મીના માટે ટીફીન પણ તારા માસા સાથે મોકલી આપીશ. અને હા, બાને જઈને કહી આવ કે એ પણ જમવા અહી આવી જાય. ન જાણે ગેસ ક્યારે આવે.'

બપોરે પ્રકાશ ઘેર આવ્યો ત્યારે જયાએ તેમને બધી વાત કરી અને ટીફીન આપતાં કહ્યું, 'લો, આ ટીફીન હોસ્પિટલમાં મીનાને આપતા આવો પછી આવીને તમે જમજો. એ ભૂખી રાહ જોતી હશે.'

પ્રકાશે થોડો વિચાર કરીને કહ્યું, 'મીના પાસે કોઈ બૈરું માણસ હશે નહી. તું તૈયાર થઈને મારી સાથે ચાલ. તેને ઘેર જવાની રજા આપે ત્યાં સુધી તું ત્યાં જ રહેજે.'

પ્રકાશ અને જયા હોસ્પિટલમાં પહોંચ્યા ત્યારે મીનાનો નાનો દીકરો કેતન એકલો ત્યાં બેઠો હતો. 'તારા પપ્પા ક્યાં છે ?' પ્રકાશે પૂછ્યું. 'પપ્પા તો ઘેર આરામ કરવા ગયા છે. અને મને કહેતા ગયા છે કે હરીશભાઈ જમીને આવે એટલે ઘેર જઈ તેમને લઈ બાને ત્યાં જમવા જવાનું.'

'અને મમ્મી ?'

'એનું ઓપરેશન હજી ચાલે છે.'

થોડી વારે ઓપરેશન થિયેટરનું બારણું ખૂલ્યું અને મીનાને લઈને એક સ્ટ્રેચર બહાર આવ્યું. મીના ધ્રુજતી હતી, તેણે આજુબાજુ નજર કરી, પણ તેનો હાથ ઝાલી તેને સાંત્વન આપવા માટે તેનો પતિ ત્યાં ન દેખાયો. તેની નાની બેન જયાએ તેનો હાથ ઝાલી માથે હાથ ફેરવ્યો, 'તું ચિંતા કરતી નહી. અમે આવી ગયા છીએ'.

મીના સ્વસ્થ થયા પછી પ્રકાશે મુદ્દાની વાત કરી, 'કંઈ મદદની જરૂર હોય તો કહેજો. પૈસાની વ્યવસ્થા થઈ ગઈ છે ?'

થોડો વિચાર કરી અચકાતાં મીના બોલી, 'બે હજાર રૂપીઆ ડોક્ટરને આપવાના છે.'

'ભલે' કહી પ્રકાશ ઉભો થયો. જયાને કહ્યું, 'તું મીનાનું ધ્યાન રાખજે. હું જરા બહાર જઈ આવું'.

પ્રકાશ તેના ઓળખીતા દુકાનદાર પાસેથી બે હજાર ઉછીના લઈ આવ્યો અને તેણે મીનાને આપ્યા.

ઓપરેશન બાદ ડોક્ટરે મીનાને સલાહ આપી કે તેણે દરરોજ થોડો આઈસ્ક્રીમ ખાવો. મીના હોસ્પિટલથી ઘેર આવ્યા બાદ ચારપાંચ દિવસ સુધી દરરોજ જયા થર્મોસમાં આઈસ્ક્રીમ મોકલતી, થોડો વધારે મોકલતી જેથી બાળકો પણ ખાઈ શકે.

સમય પસાર થતો રહ્યો.

એકવાર મીનાના નાના ભાઈ નિતિને આવીને તેને કહ્યું, 'મારી જાણ પ્રમાણે પ્રકાશ ખોટા ધંધા કરે છે. મેં જયાબેન અને પ્રકાશ સાથે બોલવાનું બંધ કરી દીધું છે. તું પણ તેમની સાથે નહી બોલતી, નહિતર હું તારી સાથે પણ સંબંધ તોડી નાખીશ.'

જો કે આ વાતમાં કાંઈ તથ્ય ન હતું. વાસ્તવમાં જયા અને પ્રકાશ પ્રેમાળ સ્વભાવના અને સેવાભાવી માણસો હતા. કુટુંબમાં, સગાવ્હાલામાં કે આડોશીપાડોશીમાં કોઈને પણ મદદની જરૂર દેખાય તો એ તુરત હાજર થઈ જતા. તેમના આવા પરગજુ સ્વભાવ અને વર્તનને કારણે તેઓ સર્વમાં પ્રિય લાગતા. ગામના ઘણા લોકો તેમની મદદ મેળવી ચૂક્યા છે અને તેમને માનની નજરે જુએ છે.

નિતિનના ઈર્ષાળુ માનસથી આ સહેવાયું નહી એટલે તેણે પ્રકાશ વિરુદ્ધ જુઠ્ઠા ગપગોળા વહાવ્યા અને તેમની સાથેનો સંબંધ પણ તોડી નાખ્યો.

પણ જયા અને પ્રકાશે તો તેમનું પ્રેમાળ વર્તન ચાલુ રાખ્યું. ત્યાં સુધી કે જ્યારે એક વાર નિતિનની પત્ની માધુરીને હોસ્પિટલમાં માંદગી સબબ દાખલ કરવી પડી ત્યારે જયા અને પ્રકાશ જરા પણ સંકોચાયા વિના તેમની મદદે પહોંચી ગયા. તેમણે માધુરીની એવી સુશ્રુષા કરી કે માધુરી બોલ્યા વગર ન રહી શકી, 'જયાબેન, તમે ને પ્રકાશ ન હોત તો હું નથી માનતી કે હું આ માંદગીમાંથી જીવતી ઊભી થાત. તમારો ઉપકાર હું કદી નહી ભૂલું.'

જયાએ કહ્યું, 'ભાભી, આ તો અમારી ફરજ છે. એને ઉપકાર ન કહેવાય.'

સમય વિતતો રહ્યો. માધુરી તેમના વખાણ કરતી તે નિતિનને ન ગમતું. તેના મગજમાં ફરી એ જ ધૂન ઉપડી. પ્રકાશ માટેના ઈર્ષા ને અણગમો ફરી જાગ્યા અને પહેલાં કરતાં પણ વધુ તીવ્ર બન્યા. માધુરી પણ પોતાના પતિ સાથે જોડાણી. જયા અને પ્રકાશના ઉપકાર ભૂલી જઈને એ તો હવે એમનું મોઢું જોવા પણ નથી માગતી !

જેઓ જયા અને પ્રકાશને ઓળખતા હોય, તેમની મદદ મેળવી ચૂક્યા હોય, તેઓ આવી વાતો સાંભળે ત્યારે પૂછે તો ખરા ને ?

પણ જયાનો તો એ બધાને એક જ જવાબ હોય, 'હશે, જેવી ઈશ્વરની ઈચ્છા. હું તો સદા ઈચ્છું કે મારા ભાઈ બેન સુખી રહે, બાકી આ બધા કાચના સંબંધ છે, ક્યારે તૂટી જાય કહેવાય નહી.'

⌘ ⌘ ⌘ ⌘

## ઓડિટર

**ઈન્ટરનેટને આધારે**

ઓસ્ટ્રેલિયાના એક નાના ગામના ખેતરના ઝાંપા પાસે એક ખેડૂત ઊભો હતો. બાજુમાં જૂની ખખડધજ હોલ્ડન યુટ પડી હતી. ઘણા દિવસોથી વરસાદ સારો થયો હતો એટલે બધી જમીન તાજા લીલા ઘાસથી છવાયેલી હતી. ખેતરમાં ઠેકઠેકાણે ઘેટાંના જૂથ માથું નીચું રાખીને ઘાસ ચરવામાં મશગૂલ હતાં. એ બધું જોઈને ખેડૂતના ચહેરા પર આનંદની ચમક આવેલી હતી.

દૂરથી ધૂળિયા રસ્તા પર ધૂળ ઉડાડતી એક કાળી ચકચકતી 'બીએમડબલ્યુ' કાર આવીને તેની પાસે ઊભી રહી. તેમાંથી એક યુવાન ઊતર્યો ને તેની પાસે આવ્યો. યુવાને છટાથી ફેશનેબલ સ્ટાઈલમાં વાળ ઓળેલા. તેણે 'રે બાન'ના ગોગલ્સ પહેરેલા, 'ગાઝમેન'નું ગરમ કાપડનું સૂટ પહેરેલું, 'રોજર ડેવિડ'નું શર્ટ પહેરેલું, 'ક્રિશ્ચિયન ડિયોર'ની ટાઈ પહેરેલી એક હાથના કાંડા પર સોનેરી 'રોલેક્સ' ઘડિયાળ હતી, બીજા હાથના કાંડા પર 'ગુચી'ની સોનાની ચેઈન હતી અને પગમાં પોલીશ કરેલા ઈટાલિયન લેધર શૂઝ હતા.

તેણે ખેતર પર એક ઊડતી નજર કરી અને પછી ખેડૂતને કહ્યું, 'તમારા ખેતરમાં દાખલ થયા વગર તમારી પાસે કેટલા ઘેટાં છે તે કહી આપું તો એમાંથી એક ઘેટું મને આપશો ?'

ખેડૂતે વિશાળ લીલોતરી જમીન પર નાનામોટા જૂથમાં ચરતાં ઘેટાંઓ પર નજર કરી. સાંજ પડે આ બધાને ભેગા કરી વાડામાં પૂરતા તેને અને તેના કૂતરાને નાકે દમ આવી જતો હતો. હજી બે દિવસ પહેલાં મશીનની મદદથી ઘેટાંની ગણતરી કરવામાં ત્રણ કલાક લાગેલી. તો પણ રમૂજ ખાતર તેણે હા પાડી.

યુવાને કારમાં જઈ તેનું લેપટોપ કમ્પ્યુટર ચાલુ કર્યું. 'જીપીએસ' (ગ્લોબલ પોઝીશન સિસ્ટમ) ખોલ્યું અને ખેતરનું સીરનામું તેમાં દાખલ કર્યું. તેમાંથી મેળવેલી વિગત સેટેલાઈટ દ્વારા મેસેજથી અમેરિકાના 'નાસા'ના સ્પાય કમ્પ્યુટરને મોકલાવી, 'આઈડી' ને 'પાસવર્ડ' એન્ટર કર્યા. થોડીવારે બાજુના પ્રીન્ટરમાં એક સો પાનાનો રિપોર્ટ છપાયો. તે વાંચીને ખુશ થતાં તેણે આવીને ખેડૂતને કહ્યું, 'તમારું નામ જેફ હાવર્ડ છે, તમારે એક પત્ની, ત્રણ દીકરા અને બે દીકરીઓ છે. અત્યારે એક જ દીકરો તમારી સાથે રહી તમને કામમાં મદદ કરે છે. બીજા બે શહેરમાં રહેવા ચાલ્યા ગયા છે. દીકરીઓ હજી ભણે છે. તમારી પાસે પચાશ એકર જમીન છે, તમારે માથે દોઢ લાખ ડોલરનું દેવું છે ને તમારી પાસે આજે ૨૧૫૩ ઘેટાં છે.'

'બિલકુલ સાચી વાત'. વિગત સાંભળી ખેડૂત ચમક્યો. પણ વાયદા પ્રમાણે તેણે યુવાનને કહ્યું, 'તમે એક લઈ જઈ શકો છો.'

(અનુસંધાન પાના ૫ પર)

## સ્વતંત્રતાની કિંમત

**પ્રવીણ વાઘાણી**

એક વૃદ્ધ પુરુષ લાકડીને ટેકે ધીરેધીરે ચાલતો ચાલતો સાયંકાળે પશ્ચિમમાં અરબી સમુદ્રપર અસ્ત થતા સૂર્યને જોતોજોતો દરિયાકાંઠા તરફ જઈ રહ્યો છે. આખું શહેર આજે પંદરમી ઓગષ્ટના સ્વાતંત્ર્ય દિવસની ઊજવણીના ઉત્સાહથી ધમધમી રહ્યું છે. વહેલી સવારે ધ્વજવંદન, તોપોની સલામી, મિલિટરી પરેડ, નિશાળના બાળકોની કૂચ, ટાઉનહોલમાં મોટો મેળાવડો, પ્રધાનોના લાંબાચોડા અર્થહીન ભાષણો અને હવે સૂર્યાસ્ત પછી થશે દરિયાકાંઠાના મેદાનમાં આતશબાજી. શહેરવાસીઓની આ ઊજવણીના આનંદમાં ભાગ લઈ રહ્યો હોય તેમ અરબી સમુદ્ર પણ મોજાંઓ ઊછાળીને હસી રહ્યો હતો.

તેની ક્ષીણ થઈ રહેલી આંખો સમુદ્રના અનંત મોજાઓને પેલે પાર જોવા મથી રહી અને સ્મૃતિપટપર વર્ષો પહેલાંના ૧૯૪૭ના ઓગષ્ટના તે વ્યથામય દિવસના દ્રશ્યો સાકાર થઈ નાચી રહ્યાં જ્યારે કરાંચીના એક બહુમાળી મકાનના એક નાના ઓરડામાં એક વહેલી સવારે તે જાગ્યો હતો. દશ વર્ષની ઉંમરનો તે બાળક ત્યારે જાગીને ઉમંગભર્યા વિચારો સાથે બારીની બહાર જોવા લાગ્યો. વાદળી રંગનું આકાશ દરરોજ જેવું જ હતું છતાં આજે તેને વધારે સુંદર લાગતું હતું, કારણકે આજે તેનો જન્મદિવસ હતો. તેના પિતાના મેજની બાજુમાં ચાદરથી ઢાંકેલી તેના જન્મદિવસની ભેટ પડી હતી. તેનું મન આનંદભરપૂર વિચારથી થનગનતું હતું. કારણ કે આજ પછી આ ભેટમાં મળેલા હારમોનિયમ પર તે સંગીતની સાધના કરી શકશે.

તેણે સાંભળ્યું હતું કે ભારતને આઝાદી મળી છે. તેણે ઘણીવાર સરઘસમાં ભાગ લીધો હતો અને 'મહાત્મા ગાંધીજીની જય', 'ભારત છોડો' જેવા નારાઓ જોરજોરથી લલકાર્યા હતા. તેના બાળકમનને તે વાતની જરાપણ ખબર નહતી કે આનો શું અર્થ છે અને આગળ જતાં તેની જીંદગીમાં તે વાતની શું અસર થશે. ઘરમાં વાત થતી હતી કે તેમણે સહુએ કરાંચી છોડીને ગુજરાત તેના દાદીમાને ગામ જવું પડશે. આમ તો તે અત્યારસુધીમાં બેવાર તે મુસાફરી કરી ચૂક્યો હતો. મારવાડ જંક્શનના પુરીશાક અને લચ્છી તેને ભાવતા, ચાલુ ટ્રેને જમાતા થેપલા, અથાણું, ચેવડો, ગાંઠિયા, ગોળપાપડી તેને ઉજાણીનો આનંદ આપતાં. પણ મહેસાણા અને વીરમગામ સ્ટેશને ટ્રેનમાં ચડવા માટે ભોગવવા પડતા ત્રાસના વિચારથી તે કંપી ઉઠતો.

બહાર શેરીમાં કાંઈક ઘોંઘાટ થઈ રહ્યો હતો. શું થાય છે તે જોવા તે બીજી બારી તરફ દોડ્યો. તેજ વખતે તેના પિતા બહારથી છાપું લઈને આવ્યા. ઝડપથી બારણું બંધ કરતાં તેમણે બૂમ પાડી, 'જલદી બધી બારીઓ બંધ કરી દો." બહારનો ઘોંઘાટ વધુ તીવ્ર થઈ નજીક આવી રહ્યો હતો. તેમના ઘરના બારણા પર મુઠ્ઠીઓ અને લાકડીઓના પ્રહારો થવા લાગ્યા. શોરબકોરમાં હવે સ્ત્રીઓની ચીસો અને બાળકોના રૂદનનો ઉમેરો થયો. ઉપરના માળ પરથી એક સ્ત્રીની ચીસ સંભળાઈ, તેના ઘરની બારી પાસેથી પસાર થઈ અને જમીન પર પહોંચી એક ધબાકા સાથે બંધ થઈ ગઈ. જોરશોરથી રડતા એક બાળકનું રૂદન અધવચ્ચેથીજ બંધ થઈ ગયું. તે અને તેનો નાનો ભાઈ ગભરાટથી તેના પિતાને વળગી પડયાં. તેની બા રડતા અવાજે પ્રભુનું સ્મરણ કરી રહી હતી.

ઘણીવાર પછી તોફાન બંધ થયું અને ઘોંઘાટ કરતા લોકો દૂર જતા સંભળાયા. એક ભયાનક શાંતિ પથરાઈ ગઈ. તેના પિતાએ હળવેથી બારણું ખોલી બહાર જોયું. સાવચેતીથી આમતેમ નજર કરી તે બહાર ગયા. પણ એકજ મિનિટમાં પાછા આવ્યા. તેના ચહેરા પર દુઃખ અને ભયની લાગણી હતી. 'બહુજ ખાનાખરાબી થઈ છે' તેણે દબાયેલા અવાજે કહ્યું. ગીતાજીનો પાઠ કરતા તે સહુ શ્રીકૃષ્ણની મૂર્તિ પાસે બેઠા રહ્યા. ખાવાપીવાનું કોઈ નામ નહોતું લેતું. બધાની ભૂખ જાણે મરી ગઈ હતી. શું કરવું તેની કોઈને સમજણ પડતી ન હતી.

બારણે હળવા ટકોરા પડયા. ધીમા સાદે તેના કાકા તેના પિતાને બોલાવતા હતા. તેમણે અંદર આવી ધીમા અવાજે પણ ઝડપથી કહ્યું, 'તમારે સહુએ હમણાંજ આ ઘર છોડી મારી સાથે આવવાનું છે. ચાર કલાક લાઈનમાં ઉભા રહી મેં બે ટિકિટ મેળવી છે. બીજી બે કાળા બઝારમાંથી ખરીદી. ઓખા બંદર જતા આ માલજહાજ પર ફક્ત સ્ત્રીઓ અને બાળકોને લેવામાં આવે છે. દરેક મુસાફર તેનાથી ઉપાડી શકાય તેટલોજ સામાન કપડાની થેલીમાં સાથે લઈ જઈ શકશે.'

બે જોડી કપડા, ટુવાલ અને બેત્રણ નાના રમકડાં સિવાય બીજું કાંઈ તેની થેલીમાં સમાય તેમ ન હતું અને તેનાથી ઉપાડી પણ ન શકાત. વિલાતે મોઢે તેણે તેની જન્મદિનની ભેટ સામે એક નજર કરી. ભારે હૈયે સહુએ ઘર છોડયું. બારણું બંધ કરવાનો કોઈ અર્થ ન હતો. તેઓ થોડે દૂર ચાલ્યા ત્યાંજ શેરીને બીજે છેડે દેકારો કરતું એક ટોળું દાખલ થયું. તેમના કાકાએ તેમને દોડવાની અરજ કરી અને દોડતાંજ તેઓ બંદર પર પહોંચ્યા. અહીં માણસોની ભીડ અપાર હતી. માણસો બેબાકળા થઈ અહીંતહીં ફરતા હતા,સ્ત્રીઓ રડતી હતી, બાળકો કિકિયારી કરતા હતા. સ્ટીમર ઉપર ચઢવા માટે મોટી લાઈન લાગી હતી. જોકે એને લાઈન કરતાં ટોળું કહેવું વધારે યોગ્ય ગણાય. ધક્કામૂક્કી કરી દરેક બીજાથી આગળ આવવાનો પ્રયત્ન કરતા હતા. કારણ બીજી સ્ટીમર બે દિવસ પછી આવવાની હતી. અને બે વધારે દિવસો અહીં ગાળવા મુસિબતથી ભરપૂર અને જોખમી હતા.

એક પુરુષ મોટેથી બુમ પાડતો હતો કે તેનું ખીસું કાપીને ટિકિટ અને પૈસાનું પાકીટ કોઈ તફડાવી ગયું છે. હવે તેની પત્ની આ સ્ટીમરમાં કેવી રીતે જાય ? તેના કાકા તે પુરુષ પાસે ગયા અને એક ટિકિટ તેને આપી. તેને શાંત કરવા પ્રયત્નો કર્યા. તે પુરુષ જમીન પર પડીને તેના કાકાના પગ પકડીને રડવા લાગ્યો. તેની પત્ની જે અત્યારસુધી રડતી હતી તે અવાક બનીને જોતી રહી. કાકાએ તેને બે હાથે પકડી ઉભો કર્યો. આવું દ્રશ્ય તેણે કદી જોયું ન હતું

તેના પિતા અને કાકાની આંસુભીની આંખે વિદાય લઈને ધક્કામુક્કી કરતાં તેઓ સ્ટીમર પર ચડયા. દરિયાની મુસાફરી તેણે પહેલીવાર કરી. તૂતક પર બેસીને દરિયાના રંગ બદલતા પાણી અને ઊછળતા ફીણ જોવાની તેને મજા આવી. વોલન્ટિયર તરીકે તે કામમાં જોડાઈ ગયો. ખાવામાં બધાને શાકભાત અપાતા હતા. દરિયાઈ માંદગીને લીધે તેટલો ખોરાક પણ ઘણાના પેટમાં રહેતો ન હતો. ઊલટી કરવાની નાની બાલટીઓ ઠેકઠેકાણે રાખવામાં આવી હતી.

બીજે દિવસે તેઓ ઓખાબંદરના નિરાશ્રિતોની છાવણીમાં પહોંચ્યા. તે પોતે તો ડુંગળી બટેટા છોલવાના કામમાં મદદ કરવા લાગી ગયો. છાવણીમાં બે દિવસ રોકાઈ ટ્રેનમાં જવાનો તેમનો વારો આવ્યો એટલે તેઓ તેના દાદાને ગામ પહોંચી ગયા.

ત્રણચાર અઠવાડિયા બાદ તેના કાકા આવ્યા. તેના પિતા વિષે પૂછતાં જાણવા મળ્યું કે સલામતી માટે એકઠા થઈ જે મકાનમાં ઘણા લોકો સાથે રહેતા હતા ત્યાં એક મોટા ટોળાએ હુમલો કર્યો. ઝપાઝપીમાં કેટલાય મર્યા, ઘણા ઘવાયા. ભાગાભાગીમાં તે બન્ને ભાઈઓ છૂટા પડી ગયા.

ભાઈને શોધવા તેણે ઘણા પ્રયત્નો કર્યા, એક મુસ્લીમ મિત્રે તેને છાની રીતે મદદ પણ કરી, પણ ક્યાંય પત્તો લાગ્યો નહીં. અંતે તેને કહેવામાં આવ્યું કે હવે વધારે રોકાવામાં તેની સલામતી નથી એટલે તેણે નિરાશા સાથે અને ભારે હૃદયે કરાંચી છોડયું.

તેના પિતા કદી આવ્યા નહીં. કરાંચીમાં ઘર છોડયું ત્યારથી તે તેની કાકી વિષે પૂછતો હતો જેને માટે તેને ખૂબજ પ્રેમભાવ હતો. સ્ટીમરમાં તે સાથે કેમ ન હતા ? ચોથી ટિકિટ કાકાએ પેલા માણસને કેમ આપી દીધી ? તે પ્રશ્નો તેના બાળમનમાં ઘુમરાતા હતા. 'હમણાં આવશે' તે સિવાય બીજો કોઈ જવાબ તેને મળતો ન હતો. સમય જતાં તેને ખબર પડી કે તેના કાકા અને પડોશી મિત્ર ટિકિટ લેવા ગયા હતા ત્યારે એક તોફાની ટોળાએ તે બીલ્ડીંગ પર હુમલો કરીને લૂંટફાટ ચલાવી હતી અને અત્યાચારો ગુજારતા હતા. પોતાનું શિયળ બચાવવા તેની કાકીએ બીજી ઘણી સ્ત્રીઓ સાથે ચોથા માળની બાલ્કની પરથી ઝંપલાવીને આપઘાત કર્યો હતો.

મહિલાસમાજની મદદથી તેની બાએ એક શીવવાનું મશીન મેળવ્યું અને જીંદગીના ઝંઝાવતો સામે ઝઝૂમવાનું ચાલુ રાખ્યું. પોતાના બે બાળકોને ઉછેરવાનું અને તેઓ ભણીગણીને જીવનની રફતારમાં સારી રીતે ગોઠવાઈ જાય તે જ તેના જીવનનું ધ્યેય રહ્યું. અથાગ પરીશ્રમથી તે થાકીને ઘસાઈ ગઈ અને દીકરાઓની સુખસમૃદ્ધિમાં ભાગ લેવાના સમય સુધી જીવી ન શકી.

આજે વર્ષોના વહાણાં બાદ પણ એ કારમા દિવસો જાણે ગઈકાલે જ વીત્યા હોય તેમ તેના મગજમાં કોતરાઈ ગયા છે. આ દિવસે જ્યારે દેશમાં સર્વત્ર આનંદ અને ઉત્સાહથી સ્વાતંત્ર્યતાની ઉજવણી થઈ રહી છે ત્યારે તે વિચારી રહ્યો કે આ દેશમાં તેના જેવા કેટલા હશે જે આનંદ સાથે અશ્રુઓ પણ ભેળવતા હશે.



## વંદે માતરમ્

-પ્રવીણ પટેલ *"શશી"*

પંદર ઓગસ્ટ,
ભારતનો સ્વતંત્રતા દિવસ..

જ્યાં જ્યાં ભારતીય જઈ વસ્યો, ત્યાં પણ એનો આ સ્વતંત્રતા દિવસ.

પહેલાં મોગલો અને પછી અંગ્રેજોનું તંત્ર દેશ ઉપર હતું. અંદર અંદરના કુસંપ અને મુખત્યારશાહીને કારણે પરદેશીઓ ફાવ્યા. ઈતિહાસમાં ભણ્યા એ મુજબ વિદેશી શાસનને હઠાવવાના પ્રયત્નો થતા રહ્યા. આને સંગ્રામ, ઝુંબેશ કે યુધ્ધ કહેવાય. ઝાંસીની રાણી, તાત્યા ટોપે, રાણા પ્રતાપ, શિવાજી અને ભગતસિંહ સહેજેય યાદ આવી જાય.

સ્વરાજ્ય માટેની આપણી લડતને સત્યાગ્રહ કહેવો સારો પડે. સત્યમેવ્ જયતે, એ આપણાં અસ્ત્ર-શસ્ત્ર. અહિંસા પરમો ધર્મ, ગાંધીજીનું બળ. એમને ફોટામાં જ જોયા છે. નેતાજી તો લડવા માટે પણ તૈયાર. લાલા લજપતરાય, બાળ ગંગાધર ટિળક, અરવિંદ ઘોષ, સરોજિની નાયડુ અને બીજા નેતાઓનો ફાળો પણ યાદ આવે જ. લોખંડી પુરૂષ વલ્લભભાઈ પટેલના અવસાન બાદનું સરઘસ મુંબઈમાં પિતાજીની ખાંધે બેસીને જોયાની સ્મૃતિ છે. નહેરૂજીને ઘણી વખતે જોયા છે. આ પછીનું તો જોયું જાણ્યું અને માણ્યું છે.

સ્વ તંત્ર એટલે સ્વતંત્રતા. ભારતમાં આજે આપણું તંત્ર છે. દુનિયાની બીજા નંબરની લોકશાહી ત્યાં છે. લોકો માટે, લોકો વડે અને લોકો કાજે વહિવટ થાય તે લોકશાહી કહેવાય. એક સવાલ સદાનો મને મૂંઝવી રહ્યો છે, ખરેખર આપણે આઝાદ છીએ ? સરળતાથી મળેલી આઝાદી આપણને પચી નથી અને આપણને એની કદર પણ નથી. નિયંત્રણો એટલા બધા વધ્યા છે કે ના પૂછો વાત !

નારા, દેખાવો અને ભાષણો એ લોકશાહીનું માળખું નથી. અંગૂઠાછાપો ચુંટાઈ આવે અને ભ્રષ્ટાચારીઓ વારંવાર તખ્તે બેસે એ સ્વયં એક અજાઈબી જ છે. લોકશાહી બાપુશાહી બની ગઈ અને આપણને ખબર પણ ના પડી ! અલ્લા આશરે રાજ્ય ચાલે અને જનતા હાલાકી ભોગવે, આ હવે રોજનું થઈ ગયું છે.

આમ છતાં ૧૫ ઓગસ્ટ આપણે રજા પાડી ઉજવીયે છીએ. કેટલા ઝંડા વંદન કરતા હશે, એ તો રામ જાણે ! ઝંડાનો મતલબ કેટલા સમજ્યા ? વતન માટે કેસરિયા કરવાવાળા કેટલા ? પાણીનાં વલખાં ત્યાં હરિયાળી સવપ્નવત જ લાગે ! જનતામાં સંપ નહીં ત્યાં ક્યાં ચમન, ચેન, શાંતિ કે અમન ? અને પેલું ધર્મનું ચક્ર તો નામનું જ રહી ગયું ! બિનસાંપ્રદાઈક ભારતમાં આજે ધર્મને નામે ધતિંગને જે છુટો દોર મળી ગયો છે તે જરાય દૂરસ્ત નથી. ધર્મને ઢાલ બનાવી ખાબકી ના શકાય.

પરદેશમાં ૧૫ ઓગસ્ટ જે તે દિવસે નહીં, પરંતુ અઠવાડિયાના અંતે ગોઠવી દેવાની પ્રથા પડી છે. સગવડતા ખાતર સવારના દસેકનો સમય સામાન્યતઃ માફક આવી જાય છે. બગાસાં ખાતાં કે ઝોકાં ખાતાં પણ કેટલાક આવે છે. જે પહેરવું હોય તે માટે બધા આઝાદ છે. કાર્યક્રમાંતે નાસ્તા-પાણીની જોગવાઈ હોય છે. આને ન્યાય આપવા માટે જ કેટલાક તો ખાસ પધારે છે !

ઑલ્ડબ્રીજ ટાઉનમાં મેં શું જોયું ? આટલી બધી આપણી વસ્તી, પણ ધ્વજવંદનામાં હાજર સંખ્યા પાંખી હતી. અમેરિકન નાગરિક બન્યા પછી ભારતીય ઓળખની શી જરૂર ? બે નારીઓએ તિરંગી સાડી પરિધાન કરી હતી. એક તરૂણીએ લીલો પાયજામો, સફેદ કુરતો અને કેસરી દુપટ્ટો નાંખ્યો હતો. બે છબિલાઓએ માથે તીરંગી હેટ મૂકી હતી. કેટલાક સિનિયર સિટિઝનો ધોતિયું-લેંઘો, ઝબ્બો-જાકીટ અને ટોપીમાં સજ્જ હતા. વિશિષ્ટ દરવેશ થકી આ બધા ગૌરવ અનુભવતા હતા.

યથાવત ઝંડાવંદન, જનગણમન, વંદેમાતરમ્ અને દેશભક્તિના ગીતો ગવાયાં. મોટા ભાગનાં મૌન ખડા હતા, ડાફાં મારવામાં કે ગપાટા મારવામાં ઘણાને બાધ ન હતો. ભવિષ્યમાં મત મેળવવાની આશામાં વિદેશી આમંત્રિત મહેમાનો ચાલતી ગાડીમાં પ્રશસ્થિ કરવા બેસી ગયા.

અમારા રાજ્યમાં જર્સીસિટી, માલબરો, એડિસન, પિસકાટ્વે અને યુનિયનમાં ધ્વજવંદનાના કાર્યક્રમો યોજાયા હતા. ન્યૂયોર્ક શહેરમાં સરઘસ પણ કાઢવામાં આવ્યું. જ્યાં જ્યાં આપણી વસ્તી વસી છે, એ બધા શહેરોમાં પણ પંદર ઓગષ્ટનું પર્વ દબદબાપૂર્વક ઉજવાયું. એક દિવસ આ બધું કર્યું, બારે માસ હવે આપણે આને આઝાદી સમજવાની !

મન ફાવે તે નિરંકુશને કહેવાય આઝાદ. આઝાદોના શંભુમેળાને આઝાદી કહી ના શકાય. શિષ્ટતા વગરની આઝાદી નકામી. આઝાદી એટલે મુક્તિ. નિરક્ષરતામુક્તિ, નાતજાતમુક્તિ, વ્યસનમુક્તિ, વાદવિવાદમુક્તિ, સંકુચિતતામુક્તિ, અંધશ્રધ્ધામુક્તિ, દોષમુક્તિ વ. આઝાદી માટે જરૂરી છે. કાળાં બજાર, છેતરપીંડી, ઠગબાજી, ભેળસેળ અને વેરઝેરની ચૂંગલમાંથી નીકળવું જ પડે. મૃત્યુ થકી દેહ આઝાદ થાય અને જીવને મુકિત મળે. લૌકિક દેશની આઝાદી પછીનું બીજું સોપાન જીવની અલૌકિક સ્વતંત્રતા છે.

માતૃ દેવો ભવઃ, માતાને વંદન હોવા ઘટે. આધુનિક સ્ત્રીને માતા બનવું નથી અને મા બનતાં એને આવડતું નથી, કોને વંદન કરીશું ? સાચા અર્થમાં જે માતા છે એને તો વંદન જ હોય. ધરતી અને માભોમને કોટિ કોટિ વંદન પણ ઓછા પડે. જનનીની જોડ સખી નહીં મળે રે લોલ, એ ઉચિત જ છે.

"રાષ્ટ્ર તમારા માટે શું કરે એના કરતાં રાષ્ટ્ર માટે તમે શું કરી શકો ?" ..કેનેડીના આ શબ્દો વાગોળવા જેવા છે. પરદેશમાં રહેવાથી દેશી વંશાવલી બદલાવાની નથી. વતનને ક્યારેય પણ ના ભૂલીએ. મણ નહીં તો છેવટે કણથી, પણ દેશબંધુઓને એમના સંકટમાં અનુકંપાથી આપણે કામ આવીએ.

⌘ ⌘ ⌘ ⌘

## ઓડિટર

(અનુસંધાન પાના ૩ પરથી ચાલુ)

યુવાને કારનું બુટ ખોલ્યું. નજીકમાંથી એકને ઉપાડીને તેણે બુટમાં મૂક્યું ને ઢાંકણું બંધ કરી દીધું. તે કારમાં બેસવા જતો હતો ત્યારે ખેડૂતે તેને કહ્યુ, 'તમે શું ધંધો કરો છો તે કહી દઉ તો આ લીધેલું મને પાછું આપી દેશો ?'

યુવાને વિચાર કર્યો, 'આ ખેડૂત પાસે કમ્પ્યુટર હોય એવું તો લાગતું નથી, પછી માહિતી ક્યાંથી મેળવશે ?'. તેણે હા પાડી.

ખેડૂતે તરત જ કહી દીધું, 'તમે એક ઓડિટર છો'

'બિલકુલ સાચું' યુવાને કહ્યું,'પણ કમ્પ્યુટર વગર તમે કેવી રીતે જાણ્યું?'

'બહુ જ સહેલુ છે' ખેડૂતે હસીને કહ્યું, 'તમે વણનોતર્યા અગાઉથી ખબર આપ્યા વિના આવી ચડયા, મારા ખાનગી જીવનની માહિતી મેળવી, હું જાણતો હતો તે મને કહીને મારી પાસેથી ફી ઉઘરાવી, મારા ધંધા વિષે તમને કાંઈ ગતાગમ નથી અને તમને બીજાની જિંદગીની કાંઈ દરકાર નથી કારણ કે તમે એક જીવતા પ્રાણીને કારના બુટમાં બંધ કરી દીધું.' અને છેલ્લે ઉમેર્યું, 'હવે મારો શીપડોગ મને પાછો આપશો ?'

⌘ ⌘ ⌘

## સાવધાન

તમારું અંગત જીવન હવે તમે માનતા હો એટલું ખાનગી નથી રહ્યું. આઈટી જેમ જેમ પ્રગતિ કરે છે તેમ તેમ માણસનું ખાનગી જીવન વધુ ને વધુ બીનખાનગી બનતું જાય છે. પહેલાં તો 'આ કોણ છે ? ક્યાંથી આવે છે ? શું કરે છે ?' તે બધું માણસની અંગત જાણકારીની વાતો હતી. તે કહે એટલું જ જાણવા મળે. હવે તો સેન્સસનું ફોર્મ ભરો, નોકરી માટે અરજી કરો, બેંકમાં ખાતું ખોલો, ક્રેડિટ કાર્ડ લો, શેર માર્કેટમાં પૈસા રોકો, વિમો ઉતરાવો, ઘર કે કાર ખરીદો, આવકવેરાનું ફોર્મ ભરો, મતલબ કે જીવનની નાનીમોટી દરેક કામગિરીમાં જ્યાં પણ કોઈ ફોર્મ ભરો તેમાં તમારી અંગત માહિતી આપવી પડે છે. દુનિયાના કોઈક ખૂણામાં એક કમ્પ્યુટર તમારી જાણ બાહર આ બધી માહિતી ભેગી કરે છે.

આજકાલ ઘણા લોકો નાનીમોટી ખરીદી માટે પણ રોકડને બદલે ક્રેડિટ કાર્ડ વાપરે છે. આને આધારે ક્રેડિટ કાર્ડ કંપની તમારી જીવનશૈલી વિષે જાણી શકે છે. જો તમે એક જ સુપરમાર્કેટમાંથી જીવન જરૂરિયાતની વસ્તુઓ ક્રેડિટ કાર્ડથી ખરીદતા હો તો તેઓ તમારી ખરીદીનો રેકોર્ડ રાખી શકે છે અને તેમાંથી તમારી ખરીદ શક્તિ અને રૂચિઓ વિષે જાણી શકે છે. જીપીએસમાં તમારા ઘરનો ફોટો પણ આપવામાં આવે છે. તમે કેવા ઘરમાં રહો છો તે પરથી તમારી સદ્ધરતા વિષે થોડો તો અંદાઝ આવે ને ?

એક ભાઈ તેની પ્રેમિકાને ઘેર હતા, ત્યારે તેમની પત્નીનો ફોન આવ્યો. તે ભાઈએ કહ્યું કે પોતે અત્યારે કંપનીની મીટીંગમાં છે એટલે વાત નહિ કરી શકે. એ જ સમયે પ્રેમિકાનો મોબાઈલ ફોન રણકી ઊઠ્યો જેનો અવાજ તેમની પત્નીએ ફોનમાં સાંભળ્યો. એણે તરત જ કહ્યું, 'આ તો સ્મીતાના ફોનનો અવાજ છે. એ અહીં ક્યાંથી ?'

⌘ ⌘ ⌘



## સાભાર સ્વીકાર
## કર્મે જીવન કુશળ અને ઊર્મિના ઉદ્‌ગારે

**લેખકઃ ભાનુભાઈ લ. ત્રિવેદી**
**ન્યૂ જર્સી, અમેરિકા**

સાધના કરે તે સાધુ. સાધના સંસારમાં રહીને પણ કરી શકાય, એને માટે કોઈએ ઘરબાર છોડી દેવાની જરૂર ન હોય. સ્વામી વિવેકાનંદના કહેવા પ્રમાણે 'સંસારમાં રહીને જે પોતાના કુટુંબ અને સમાજ પ્રત્યેની ફરજો અને જવાબદારી પ્રેમભાવ અને નિષ્ઠાપૂર્વક અદા કરે છે તે સાચા અર્થમાં સાધુ જેવું જીવન જીવે છે એમ કહી શકાય.'

'કર્મે જીવન કુશળ'માં શ્રી ભાનુભાઈ લ. ત્રિવેદીએ પોતાના જીવનનો શરૂથી અત્યાર સુધીનો વૃત્તાંત નોંધપોથી સ્વરૂપે આપ્યો છે. તે ધ્યાનપૂર્વક વાંચતા એક વાત તો સ્પષ્ટ દેખાઈ આવે છે કે તેઓ એક સાધુને અનુરૂપ જીવન જીવ્યા છે અને હાલમાં પણ જીવી રહ્યા છે.

હાલના સમયમાં જ્યારે ઘણા યુવાન દીકરાઓ સુખ અને સંપત્તિમાં રાચતા હોવા છતાં માબાપની જવાબદારી લેવા તૈયાર નથી હોતા ત્યારે પણ ભાનુભાઈએ ઓછી આવક અને અગવડતાઓ વચ્ચે પણ તેમના માબાપની મરણાંત સુધી સેવા કરી હતી. જીવનના દરેક તબક્કે, દરેક હાડમારીમાં, તેમના પત્ની ભગવતીબહેને ખભેખભો મીલાવી તેમને સાથ આપ્યો છે. તેમની માતાની ચૌદ વરસની લકવાની બીમારીમાં પણ તેમની ઘેર સારવાર કરવામાં તેમના પત્ની ભગવતીબહેને મોટો ફાળો આપ્યો હતો.

જેમ કુટુંબ પ્રત્યેની જવાબદારી નિષ્ઠાપૂર્વક બજાવી તેમ નોકરી પ્રત્યેનું વર્તન પણ તેમનું એવું જ રહ્યું. નોકરીને 'નવથી પાંચ' હાજરી આપવાની ન ગણતા તેમણે સમયની દરકાર કર્યા વગર ખંતપૂર્વક નોકરીના કામો કર્યા. સાધારણતઃ એમ કહેવાય છે કે સરકારી નોકરીમાં આવડત કરતાં લાગવગથી પ્રગતિ વધારે થાય છે. પણ ભાનુભાઈ ૧૯૫૦માં રેવન્યુ ખાતામાં એક અદના ક્લાર્ક તરીકે જોડાયા અને ખંત અને નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી પોતાની નિપુણતા અને પુરુષાર્થથી જ પ્રગતિ કરી નિવૃત્તિ સમયે ડેપ્યુટિ કલેક્ટરના હોદ્દા પર પહોંચ્યા.

જે માણસે સતત પ્રવૃત્તિશીલ જીવન ગાળ્યું હોય તેને નિવૃત્તિમાં પણ કાર્યવિહિન રહેવું કેમ ગમે ? નિવૃત્ત થયા બાદ જ્યારે ઘણા લોકો 'હાશ, છૂટ્યા' કહી બગીચાના બાંકડા પર બેસી જાય છે ત્યારે ભાનુભાઈ નિવૃત્તિના પહેલા જ દિવસથી સમાજસેવાના કાર્યમાં જોડાઈ ગયા.

સંતાનો અમેરિકામાં વસેલા હોવાથી નિવૃત્તિ બાદ તેઓ અમેરિકા આવ્યા અને ન્યૂ જર્સીમાં સ્થાયી થયા. સ્વાવલંબી એવા છે કે અમેરિકા આવ્યા પછી પણ દીકરા સાથે અને તેને આધારે રહેવાને બદલે તેમણે આવકનો રસ્તો ખોળી કાઢયો અને તેમના પત્ની ભગવતીબહેન સાથે પોતાના જ ઘરમાં સ્વતંત્ર અને સ્વાવલંબી જીવન ગાળે છે.

પ્રવૃત્તિ ભરપૂર જીવનનો ફાયદો એ કે તંદુરસ્તી સારી રહે. અને એટલે જ આજે ૭૭ વર્ષની ઉંમરે પણ ન્યૂ જર્સીના સિનિયર સીટીઝન્સને અથાક સેવા આપી રહ્યા છે.

તેમના વિષે ગુજરાતી સાહિત્યવર્તુળના અગ્રણીઓ શું કહે છે તે પણ જોઈએઃ

**પ્રો. પ્રિયકાન્ત પરીખ, લોકપ્રિય લેખક, અમદાવાદ** – શ્રી ભાનુભાઈ ત્રિવેદી, સાદરાના વતની, 'કારકૂનથી ડેપ્યુટી કલેક્ટર' સુધીની જીવનયાત્રા કરી, વિવિધ અનુભવોનું ભાથું બાંધી, ભારતની હવા ફેફસામાં ભરી, નિવૃત્ત છતાં પ્રવૃત્ત જીવન ન્યુ જર્સીમાં જીવે છે. એમના શ્વાસોશ્વાસમાં ભારત ધબકે છે, એની પ્રતીતિ એમના વ્યક્તિગત-પ્રત્યક્ષ મુલાકાતે તેમજ એમના પ્રથમ પુસ્તક 'ઊર્મિના ઉદ્‌ગાર'એ કરાવી છે.

આજે જ્યારે ગુજરાતી ભાષા અને સાહિત્ય ભૂંસાતું જાય છે, જીવનમૂલ્યોનું શીર્ષાસન થઈ રહ્યું છે, જીવન સંઘર્ષ ખેલતા માનવીને સાહિત્ય વાંચવાની ફૂરસદ નથી રહી ત્યારે કાળલક્ષી પ્રયોગશીલતાના અતિરેકમાં રાચતા, ન સમજાય એવી દુષ્કર શૈલીમાં સર્જાતા સાહિત્ય કરતાં જીવનલક્ષી, ગાંધીશૈલીમાં સર્જાતા સાહિત્યની સમાજને તાતી આવશ્યકતા છે. જીવનલક્ષી સાહિત્ય જ સામજિક જીવન અને સાહિત્યની ધરોહર છે.

શ્રી ભાનુભાઈના નિબંધો ઉપર દૃષ્ટિપાત કરીશું તો જોઈ શકાશે કે સીધીસાદી શૈલીમાં એમણે સમાજને ઉપકારક નિબંધોનું સર્જન કર્યું છે. હું શ્રી ભાનુભાઈને જીવનલક્ષી સાહિત્યના પુરસ્કર્તા તરીકે ઓળખું છું.

જીવનની ૭૫ વર્ષની મજલને વટાવ્યા છતાં, ભારત-અમેરિકા વચ્ચે આવનજાવન કરવા છતાં, એમની જાતને સીનિયર સિટીઝન્સની પ્રવૃત્તિઓમાં પરોવવા છતાં, એમના શરીરમાં બુઢાપાના થાકને બદલે યુવાન સહજ ઉત્સાહ, થનગનાટ અને ચહેરા પર સ્મિત જોઈ શકાય છે. એ જીવનની નાનીસૂની સિદ્ધિ નથી. અને આ બધું એમને લાધ્યું છે એમની સંતૃપ્તિની ફિલસૂફીના પરિણામે.

શ્રી ભાનુભાઈની ફિલસૂફી સાથે સંમત થવાનું મન થાય છે. એમણે શ્રીકૃષ્ણે 'શ્રી ભગવદ્ ગીતા'માં પ્રબોધેલ અને ભગવાન બુદ્ધે અપનાવેલ 'નહિ ઓછો, નહિ અતિ' એવો માર્ગ અપનાવ્યો છે.

**શ્રી રમેશ જાદવ, વરિષ્ઠ પત્રકાર અને લેખક, ન્યુ જર્સી,** અમેરિકા – અહીં તેમના જ શબ્દોમાં રજુ થયેલી 'કારકૂનથી કલેક્ટર' સુધીની તેમની જીવનગાથામાં નવી પેઢીને પ્રેરણાનું ભાથું પૂરું પાડવાની ક્ષમતા છે. પોતાના મૂળ સુધી પહોંચવા ઉત્સુક યુવાવર્ગ માટે તેમાં દિશાસૂચન છે. પોતાના પૂર્વસરિઓના મૂળ સુધી પહોંચવાની એક કેડી ભાનુભાઈએ કંડારી છે જેમાંથી પ્રેરણાના પિયુષ પામીને ભાવિ પેઢી તેમાં નિર્ભિકપણે પગ માંડી શકે !

ભાનુભાઈના આ જીવન-સંભારણા રોચક છે, રસપ્રદ છે. માટીની મીઠી મહેક તેમાંથી અનુભવી શકાય છે. ભાનુભાઈએ તેમના પૂર્વજોના ઈતિહાસને, તેમના વંશ, વડવાઓ અને તેમના વતનના અતીતમાં ડોકિયું કરી પોતાના મૂળ સુધી પહોંચવાનો પુરુષાર્થ કર્યો છે. તેમાં તેમની સાચુકલી પ્રતિભા પ્રગટી છે.

ભાનુભાઈના જીવનઘડતરમાં તેમનું આત્મબળ અને તેમનો પુરુષાર્થ પાને પાને જોઈ શકાય છે. પ્રારબ્ધને ઘડવામાં તેમનો પુરુષાર્થ હંમેશા મોખરે રહ્યો છે, તેથી આજે જીવનની સમી સાંજે, ૭૫ વર્ષની ઉંમરે પણ તેઓ સ્વતંત્રપણે, સ્વનિર્ભર બનીને સ્વસ્થ અને નિરામય જીવન જીવી રહ્યા છે, એ તેમના જીવનની સૌથી મોટી સિદ્ધિ છે.

આજે ભાનુભાઈ તેમના સાત દાયકાના અનુભવો અને શાણપણને સીનિયરો માટેના સેવાકાર્યમાં જોતરીને સમાજને ઉપયોગી થવામાં સતત કાર્યશીલ છે. કોકને ક્યાંક મદદરૂપ થઈ પડવાની ભાવના જ તેમના જીવનની મૂડી, તેમનો આત્મસંતોષ છે. ભાનુભાઈનું જીવન મીણબત્તીની જેમ જીવી આસપાસના અંધકારને અજવાળી રહ્યું છે.

**શ્રી રજનીકુમાર પંડ્યા, અમદાવાદ** – મનુષ્યની એક સહજ વૃત્તિ છે કે પોતે જે રસ્તે ચાલીને વર્તમાન સુધી પહોંચ્યો હોય તે રસ્તા ભણી એક નજર નાખી લેવાની. મોટા માણસોના મામલે આ વૃત્તિ ઈતિહાસ લેખનનું કારણ બની જાય છે. જ્યારે બીજાને માટે એ સ્મરણયાત્રાનું આલેખન બની રહે છે. નહેરુ, ગાંધી જેવાએ આત્મકથાના રૂપમાં ઈતિહાસ આપ્યો છે જ્યારે બીજા અનેકોએ સ્મરણયાત્રા આપી છે.

ભાનુભાઈ ત્રિવેદીને હું ઘણા સમયથી ઓળખું છું. હું જ્યારે અમેરિકાના એડિસન શહેરમાં મિત્ર દીનકર પૂજારાનો મહેમાન થઈને ગયેલો ત્યારે તેમને ત્યાં યોજાયેલી સાહિત્યિક ગોષ્ઠિમાં તેમને જોયાનું સ્મરણ નથી પણ તેમનું નામ કાને પડ્યાનું યાદ છે. એ પછીના વર્ષોમાં મળ્યા ત્યારે લેખક હોવાના કશા પણ અભિનવેશ વિના એક સાહિત્યરસિક અમેરિકાવાસી તરીકે મળ્યા. એ જરૂરી નથી કે લખવા પર હાથ અજમાવવા મથતા બધા જ પ્રતિષ્ઠિત લેખક બને. જેમ ગાયક ન હોય તેવા લોકો પણ સારું ગાઈ શકતા હોય છે તેમ બીન લેખક પણ સારું, સુવાચ્ય, રસપ્રદ સાહિત્ય લખી શકતા હોય છે. ભાનુભાઈ ત્રિવેદી એવામાંના એક છે. એમણે અગાઉ બીજા પુસ્તકો આપ્યા છે પણ આ પુસ્તક જરા જુદું છે. એ આત્મકથા નહિ, સ્મરણયાત્રા છે. આ યાત્રા દ્વારા એમણે પોતાના મૂળની તલાશ કરી છે. પિતરાઈ પાસેથી મળ્યો એટલો આંબો મેળવ્યો છે અને પોતાને યાદ હોય એવા વડવાઓની શબ્દછબીઓ પણ દોરી છે. દાદાદાદીનું ચિત્ર સાંભળેલા ઉપર આધારિત છે તો પિતાનું ચિત્ર જાત અનુભવ આધારિત વિસ્તૃત રીતે આલેખાયું છે. કશો પણ છોછ રાખ્યા વગર તેમણે એ જેવું પોતે જોયું, અનુભવ્યું તેવું જ ચિતર્યું છે.

૧૯૫૦માં ક્લાર્કની નોકરીમાં જોડાયા બાદ ચાલીસ વર્ષ બાદ ૧૯૯૦માં ડેપ્યુટિ કલેક્ટર તરીકે નિવૃત્ત થવાને બીજે જ દિવસે તેમણે પ્રવૃત્ત રહેવા માટે સેવાકાર્યમાં ઝંપલાવ્યું. તેમની સમાજસેવા, કુટુંબવત્સલતા, વતન અને પરિવાર નિષ્ઠા આ પુસ્તકમાં સાહજિક રીતે પ્રગટ થઈ છે. ✠ ✠ ✠

## શ્રી આચાર્ય રજનીશના વચનામૃત

હું મનનું મૂળથી પરિવર્તન કરવાનો આગ્રહ રાખું છું. કોઈ પણ પ્રકારના શારીરિક પરિવર્તનની કોઈ કિંમત નથી. કેવળ આચરણનું પરિણામ પૂરતું નથી. કારણ અંદરની ક્રાંતિ સિવાય તે માત્ર એક પ્રકારની આત્મવંચના જ છે. તેથી વિશેષ કંઈ નથી.

જેમના ચિત્તમાં પણ પરિવર્તન કરવાનો વિચાર આવે છે તેઓ જલદીથી હૃદય બદલ્યા વિના જ કપડાં બદલવા માંડે છે. પોતાને ઠગવાની છેલ્લી રીત છે. એનાથી બચવું ઘણું જરૂરી છે. નહિ તો સંન્યાસ પણ બાહ્ય બનાવ માત્ર બને છે. સંસાર તો બાહ્ય છે જ પણ જ્યારે સંન્યાસ પણ બાહ્ય જ હોય તો જીવન ખૂબ અંધકારપૂર્ણ માર્ગે રખડી પડે છે.

વાસનાનો માર્ગ તો અજ્ઞાન છે જ પણ જો ત્યાગનો માર્ગ પણ બાહ્ય હોય તો તે અજ્ઞાનને માર્ગે લઈ જાય છે.

વસ્તુતઃ ચેતનાનું સૌથી બહાર હોવું જ અંધકાર અને અજ્ઞાન છે. પછી તે બાહ્યતા સંસારની હોય કે સંન્યાસની એમાં કાંઈ ફેર પડતો નથી.

ચિત્તને બાહ્યતાએ ઘેર્યું હોય તો ભોગ અને ત્યાગ બને તેને બહાર જ રાખે છે.

અને ચિત્ત બાહ્યથી મુક્ત હોય તો સહેજે તે સ્વયંમાં આવી જાય છે. બાહ્યની સાર્થકતાનો આભાસ સંસાર છે અને બાહ્યની વ્યર્થતાનો મોક્ષ સંન્યાસ છે.

એક કથા મેં સાંભળી છે.

એક શહેરમાં એક જ દિવસે, એક જ સમયે, બે મૃત્યુ થયાં. ઘણી વિચિત્ર વાત હતી. એક યોગી અને બીજી વેશ્યા. બંને એકજ દિવસે, એક જ ઘડીએ સંસાર છોડી ગયાં હતાં. બંનેનાં ઘર સામસામે હતાં. બંને જીવ્યાં પણ સાથે અને મર્યાં પણ સાથે જ.

આ આશ્ચર્ય તો શહેરમાં હતું જ. એક બીજું આશ્ચર્ય બન્યું, જે યોગી અને વેશ્યા સિવાય કોઈ જાણતું નહોતું.

જ્યારે તેમનું મૃત્યુ થયું ત્યારે તેમને લઈ જવા યમદૂત આવ્યાં. તેઓ વેશ્યાને સ્વર્ગમાં લઈ ગયાં અને યોગીને નરકમાં લઈ ગયાં. યોગીએ કહ્યું, 'મિત્રો, ખરે જ કંઈ ભૂલ થઈ ગઈ છે. વેશ્યાને સ્વર્ગમાં લઈ જાઓ છો અને મને નરકમાં ? આ કઈ જાતનો અન્યાય છે ? આ કેવું અંધેર છે ?'

દૂતોએ કહ્યું, 'નહિ મહાનુભાવ, ન તો અન્યાય છે, ન તો અંધેર. મહેરબાની કરી જરા નીચે જુઓ.'

યોગીએ ધરતી પર નજર કરી. ત્યાં તેના શરીરને ફૂલોથી શણગારીને મોટું સરઘસ કાઢયું હતું. હજારો માણસો રામધૂન કરતા તેના શરીરને સ્મશાને લઈ જઈ રહ્યા હતા. ત્યાં તેને માટે ચંદનની ચિતા તૈયાર કરી હતી.

બીજી બાજુ સડકને કિનાર વેશ્યાની લાસ પડી હતી. તેને કોઈ ઉપાડનાર ન હતું. તેથી કૂતરાં ને ગીધ તેને ફાડીને ખાતાં હતાં.

આ જોઈ તે યોગી બોલ્યો, 'ધરતીના લોકો વધુ ન્યાય કરી રહ્યા છે.'

તે દૂતોએ જવાબ આપ્યો, 'કારણ કે ધરતીના લોકો કેવળ બહારની વાત જ જાણે છે. શરીરની આગળ ઊંડે તે પહોંચતા નથી. પણ ખરો પ્રશ્ન શરીરનો નહિ મનનો છે. તું શરીરથી તો સંન્યાસી હતો પણ તારા મનમાં શું હતું ? શું હંમેશાં તારું મન વેશ્યામાં રત ન હતું. શું તારા મનમાં વેશ્યાના ઘરના સંગીત અને નૃત્યના આનંદની લાલસા ન હતી ? અને 'મારું જીવન કેવું નીરસ છે !' એવું તું હંમેશાં વિચારતો. તેના ઘરનું સંગીત સાંભળીને તું ઉત્તેજિત થઈ જતો અને વાસનાભર્યા વિચારો કરતો. બીજી બાજુ વેશ્યા હંમેશાં વિચારતી કે યોગીનું જીવન કેવું આનંદ ભરપૂર છે ? અને ઈચ્છતિ કે તારા ઘર જેવાં ભજનો તેને ત્યાં પણ ગવાય.

'રાત્રે જ્યારે તમે ભજન કરતા તે સાંભળીને તે ભાવાત્મક બની જતી અને પ્રભુસ્મરણમાં લીન થઈ જતી. આ બાજુ સંન્યાસનો અહંકાર તારા મનમાં ઉભરાતો અને તે પાપના દર્દથી નમ્ર બની જતી. તું તારા જ્ઞાનને લીધે કઠોર બનતો ગયો એ અજ્ઞાનને કારણે સરળ બની. છેવટે તારું અહંકારગ્રસ્ત વ્યક્તિત્વ રહ્યું અને તેનું અહંકારમુક્ત.

'મૃત્યુ વખતે તું અહંકારી હતો. વાસનાયુક્ત હતો. તેનું ચિત્ત નિરહંકારી અને નિરીહ હતું. તેનું ચિત્ત તો પરમાત્માના પ્રકાશ, પ્રેમ અને પ્રાર્થનાપૂર્ણ હતું.'

જીવનનું સત્ય બાહ્ય આચરણમાં નથી. વળી બાહ્ય આચરણના પરિવર્તનથી શું વળે ?

સત્ય આંતરિક છે. આત્યંતિક રૂપે આંતરિક. તેને જાણવા અને મેળવવા માટે વ્યક્તિત્વનું પરિધિ નહિ કેન્દ્રનો પરિશ્રમ કરવો પડે છે. તે કેન્દ્રને શોધો. શોધવાથી તે ખરે જ મળે છે. કારણ તે સ્વયંમાં જ ગુપ્ત છે.

ધર્મ પરિધિનું પરિવર્તન નથી, અંતરની ક્રાંતિ છે.

ધર્મ પરિધિ પરનો અભિનય નથી, કેન્દ્ર પર કરવાનો પરિશ્રમ છે.

ધર્મ શ્રમ છે. પોતા પર તે શ્રમથી જ સ્વ મળે છે અને સત્ય પ્રાપ્ત થાય છે.

• • • • • • •

અહંકારથી હૃદય પાષાણ બને છે. જીવનમાં જે કાંઈ સત્ય છે, શિવ છે, સુન્દર છે તે બધાના નાશનું કારણ અહંકાર છે. તેથી અહંકાર સિવાય પરમાત્માના માર્ગમાં બીજું કાંઈ બાધક નથી. કારણ પાષાણહૃદય પ્રેમ નહિ કરી શકે. અને જ્યાં પ્રેમ નથી ત્યાં પરમાત્મા ક્યાં ? પ્રેમ માટે સરળ અને નમ્ર હૃદય જરૂરી છે, સરળ અને સંવેદનશીલ. અને અહંકાર જેટલો વધારે ગાઢ હશે, હૃદયમાંથી સરળતા અને સંવેદનશીલતા તેટલાં જ દૂર રહેશે.

'ધર્મ શું છે ?' જ્યારે મને કોઈ પૂછે છે તો હું કહું છું, 'હૃદયની સરળતા, હૃદયની સંવેદનશીલતા.'

પણ ધર્મને નામે જે કાંઈ ચાલી રહ્યું છે તે તો અહંકારના જ ખૂબ સુક્ષ્મ અને જટિલ રૂપોની અભિવ્યક્તિ છે.

અહંકાર સમસ્ત હિંસાનું મૂળ છે.

"હું છું" એ ભાવ જ હિંસાત્મક છે. વળી "હું કાંઈક છું" એ ભાવ અતિ હિંસાત્મક છે.

સત્ય અને સૌંદર્યને હિંસાત્મક ભાવ નહી પામી શકે. કારણ કે હિંસા માણસને કઠોર બનાવે છે. કઠોરતા એટલે પોતાનાં દ્વાર બંધ કરવાં. અને જે સ્વયંમાં જ બંધ છે તે સર્વ સાથે કેવી રીતે સંબંધિત હોઈ શકે ?

એક સાધુ એક ગામમાં આવ્યો. તે ઘણા સમયથી ભૂખ્યો હતો. તેના ઘણા સાથીઓ પણ હતા. તેઓ બધા પણ લાંબા પ્રવાસને કારણે થાકેલા, માંદા જેવા અને ભૂખ્યા હતા. તેઓ ત્યાં પહોંચ્યા કે તરત જ એક અપરિચિત વ્યક્તિ ઘણું ભોજન, ફળો, વગેરે લઈને આવીને તે આપતાં કહ્યું, "આ મારી ક્ષુદ્ર ભેટ તપસ્વીઓ, સંન્યાસીઓ માટે છે."

તેના ગયા પછી સાધુએ પોતાના સાથીઓને કહ્યું, "મિત્રો, મારે આજની રાત પણ ભૂખ્યા જ સૂવું પડશે. કારણ હું ક્યાં તપસ્વી છું ? હું ક્યાં સંન્યાસી છું ?"

'હું નથી' એ જે જાણી લે છે તે પરમાત્માને ઓળખે છે.

'હું નથી' એ જે પામે છે તે પરમાત્માને પામે છે.

• • • • • • •

કેટલાક માણસો એક બપોરે આવ્યા અને કહેવા લાગ્યા, 'પરમાત્મા નથી અને ધર્મો દગાબાજી છે.'

આ સાંભળીને હું હસ્યો. તેમણે પૂછ્યું, 'આપ હસો છો શા માટે ?'

મેં કહ્યું, 'અજ્ઞાન વાચાળ છે, જ્ઞાન મૌન છે. શું પરમાત્માના અસ્તિવ વિષે કાંઈ પણ કહેવું આટલું સરળ છે ? માનવ બુદ્ધિના બધા જ નિર્ણયો હાસ્યપાત્ર નથી ? જેઓ સ્વયંની બુદ્ધિની મર્યાદા જાણે છે તેઓ નિર્ણય નથી લેતા ! અવાક્ રહે છે ને આવે સમયે જ તેઓ સ્વયંની સીમાનું અતિક્રમણ કરે છે. ત્યારે તેઓ સ્વયંને જાણે છે અને સત્યને પણ જાણે છે. કારણ સત્ય સ્વયંમાં છે. અને સત્યમાં સ્વયંની સત્તા છે. શું બુંદ સાગરમાં અને સાગર બુંદમાં નથી ? શું એ યોગ્ય છે કે બુંદ પોતાને જાણ્યા વગર સાગરને જાણવા જાય છે અને ન જાણી શકે ત્યારે કહે કે સાગર નથી ! બુંદ પોતાને જાણે તો સાગરને પણ જાણી લે છે. હું તમને પૂછું, શું તમે સ્વયંને ઓળખો છો ? ને શું પોતાને જાણ્યા વિના કોઈ વ્યક્તિને પરમાત્માના અસ્તિત્વ વિષે નિર્ણય લેવાનો અધિકાર છે ?

"શું તમે પોતાને ઓળખો છો ?" મેં તેમને પૂછ્યું.

આ પ્રશ્ન સાંભળી તેઓ એકબીજા સામે જોવા લાગ્યા. શું તમે પણ આ પ્રશ્ન સાંભળી એકબીજા તરફ નહિ જુઓ ? પણ યાદ રાખો કે પોતાને જાણ્યા વિના જીવનની કોઈ સાર્થકતા નથી, ધન્યતા નથી.

તે અવસ્થાને હું સમાધિ કહું છું.

એક ઋષિને કોઈએ પૂછ્યું, 'સૌથી કઠણ વસ્તુ કઈ ?'

ઋષિએ કહ્યું, 'આત્મજ્ઞાન.'

ખરે જ સ્વયંને જાણવું ઘણું કઠણ છે કારણ તે માટે બીજું બધું જાણવાનું છોડવું પડે છે. ⌘ ⌘ ⌘

## આપણાં શાકભાજી

દરેક અંકમાં આપણાં શાકભાજી વિષે ઉપયોગી અને રસપ્રદ માહિતી અહીં પ્રગટ કરવાનો વિચાર છે. કોઈપણ વાચકમિત્ર પાસે એવી માહિતી હોય તો મોકલવાનું આમંત્રણ છે. યોગ્ય લાગશે તે અહીં, તેમના નામ સાથે, પ્રગટ કરવામાં આવશે, 'રીડર્સ ડાઈજેસ્ટ'ની જેમ કોઈ પુરસ્કાર તો આપવામાં નહિ આવે પણ એ રીતે આ સામયિક દ્વારા થતી ગુજરાતી ભાષા અને સમાજની સેવા કરવામાં સહકાર આપવાનો લ્હાવો અચૂક મળશે. - માનદ્ તંત્રી



### તુરિયું (ગિસોડાં)

તુરિયું ધારવાળું લાંબુ શાક હોય છે અને તે વેલા પર થાય છે. તેને નવ, તેર, સત્તર, ઓગણીસ, વગેરે ધાર હોઈ શકે છે. તે ગલકા, દૂધી, ઝુકીની, ક્યોસ, પરવળ, વગેરેના વંશમાં છે અને તે બધામાં સૌથી વધારે સ્વાદિષ્ટ શાક છે. તેમાં પાણીનું પ્રમાણ ઘણું છે એટલે તે કાચાનો રસ કાઢી પી શકાય છે જે તંદુરસ્તિ માટે ઘણો જ ફાયદાકારક છે. રાંધવાથી તેના ઘણા વીટામીનો નાશ પામે છે જ્યારે કાચાનો રસ પીવાથી તેના બધાજ વિટામીનોનો ફાયદો મળે છે. જો કે તે કોઈવાર કડવું પણ હોઈ શકે. એટલે તેને રાંધતા પહેલાં ચાખવું જરૂરી ગણાય છે નહીતર શાક બનાવ્યા પછી ખબર પડે કે તે કડવું છે તો બધું શાક ફેંકી દેવું પડે. તુરિયાનો રસ કમળાની બીમારીમાં ફાયદાકારક છે તેમ પણ એક પુસ્તકમાં લખેલું છે.

તુરિયાં ભારત ઉપરાંત આફ્રિકા, મધ્ય પૂર્વના દેશો અને એશિયાના ઘણા દેશોમાં થાય છે. છેલ્લા બેત્રણ વર્ષથી તે ઓસ્ટ્રેલિયામાં પણ ઉનાળાની ઋતુમાં મળે છે. પણ મોટે ભાગે તેના ખરીદવાવાળા - અને ખાવાવાળા - ભારતીય અને એશિયન લોકો જ છે. ગ્રીક લોકો પણ શાકના શોખીન હોય છે એટલે તેઓ પણ ઉપયોગમાં લેતા હશે. (૧૯૭૧માં સિડનીમાં એક ગ્રીક મિત્રના બેકયાર્ડમાં રીંગણાના છોડ જોયેલા. રીંગણા ત્યારે ઓસ્ટ્રેલિયાની માર્કેટમાં મળતા નહોતા.)

ભાષા પ્રમાણે તુરિયાનું નામ હોય તે સ્વાભાવિક છે અને તે જાણવા જેવા છે.

અરેબિક - લૂફાહ કે લફ્ફા, અંગ્રેજી - રીઝ્ડ ગૌર્ડ, આસામીઝ - ભોલ, મેન્ડેરીન ચાઈનીઝ- સીગ્વા, હિન્દી - તુરઈ, તોરી, બેંગાલી - ઝિન્ગા, ગુજરાતી - ગિસોડા, તુરિયા, ઓરિયા - જાન્હી, તેલુગુ - બીરકાયા, કન્નડ - હીરઈકાયી, મલયલમ - પીચિન્ગા, મરાઠી - દોડકા, ધોસાવાલ, તામીલ - પીરકન્કાઈ, વગેરે દરેક ભાષામાં અલગ નામ છે.

તુરિયાં પિત્ત, લોહીવિકાર, રક્તપિત્ત, ગેસવાયુમાં પથ્ય આહાર છે. તેની જાતના શાકમાં તે સૌથી વધુ ફાયદાકારક છે.. જનનેન્દ્રિય પર પણ તેની સારી અસર થાય છે.

તુરિયામાંના તત્ત્વો વિષે વિગતવાર માહિતી મળતી નથી પણ તે દૂધીના પ્રકારનું હોવાથી તેના જેવા તત્ત્વો વત્તા ઓછા પ્રમાણમાં તેમાં છે તેમ માની શકાય. તેમાં મીઠાશ વધારે છે પણ સાથે પાણીનું પ્રમાણ વધારે હોવાથી દૂધીની જેમ તેનો હલવો, મુઠિયાં, વગેરે બનાવાતા નથી. એકલાં તુરિયાંનું વરાળે બાફેલું શાક ઘણું સ્વાદિષ્ટ લાગે છે. તુરિયા અને બટેટા તથા તુરિયાં અને મગની દાળનું શાક પણ બનાવાય છે. રાંધતી વખતે મોટે ભાગે લોકો તેની બધી ધાર કાઢીને ફેંકી દે છે. પણ આ ધારમાં પણ ઘણા તત્ત્વો હોય છે એટલે ચતુર ગૃહિણી તેનો પણ સંભારો બનાવી તેને ઉપયોગમાં લઈ લે છે. ચીન અને ફિલિપાઈન્સના લોકોમાં તુરિયું આહારમાં ઘણું જ પ્રિય શાક છે. તેનો સ્ટરફ્રાય તથા સૂપમાં ઉપયોગ થાય છે.

તુરિયું કાચું અને કુણું હોય ત્યારે તેનું શાક બનાવીને આહારમાં લેવામાં આવે છે. શાકના સુપમાં તે ભેળવવાથી સુપ ઘણું જ મીઠું બને છે અને બાળકોને તે ભાવે છે. તુરિયું ક્યારેક સ્વાદમાં કડવું હોય છે પણ તે ઝેરી નથી હોતું(કારેલા, કડવા લીમડાના ફૂલ અને મેથીની જેમ). તુરિયું મીઠું હોય કે કડવું, આયુર્વેદ પ્રમાણે તેનો રસ કમળાના રોગને નાબુદ કરવામાં અકસીર ઈલાજ ગણાય છે.

તુરિયાની છાલ રેસાવાળી હોય છે. તેને વેલા પર જ પાકવા દઈ, સુકાઈ ગયેલા તુરિયામાંથી અંદરનો માવો કાઢી લઈ, તેને ચપટું બનાવી તેને સફાઈના કામ માટેના બ્રશ તરીકે ઉપયોગમાં લેવાય છે. તે સુંવાળું હોવાથી ન્હાતી વખતે શરીરને ઘસવા માટે પણ વાપરી શકાય છે.

નોંધઃ સ્વાદ અને શોખ ખાતર અહીં તુરિયા વિષે માહિતી આપી છે. માહિતીની સત્યતા વિષે કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી. આહારમાં ફેરફાર કરતાં પહેલાં કે રોગનિવારણ માટે તેનો ઉપયોગ કરતાં પહેલાં તેના નિષ્ણાતની સલાહ લેવી આવશ્યક છે.

અમુક ઉંમરે પુરુષને નોકરીમાંથી નિવૃત્તિ મળે છે. ગૃહિણીને રસોડામાંથી નિવૃત્તિ ક્યારે મળે છે ?



### मेघदूतम् (संपादकः डो.गौतम पटेल)

मत्वा देवं धनपतिसखं यत्र साक्षात् वसन्तं
प्रायष्चापं न वहति भयान्मन्मथः षट्पदज्यम् ।
सभ्रूभन्गाप्रहितनयनेः कामिलक्ष्येष्वमोघै
तसयारम्भष्वतुरवनिता विभ्रमैरेव सिद्धः ॥७९॥
तत्रगारं धनपतिगृहानुत्तरेणास्मदीयं
दूराल्लक्ष्यं सुरपतिधनुष्चारुणा तोरणेन ।
यस्योपान्ते कृतकतनयनः कान्तया वधिरतो मे
हस्तप्राप्यस्तबकनमितो बालमंदारवृक्षः ॥८०॥

### મેઘદૂત (સંપાદકઃડો.ગૌતમ પટેલ, ભાવનગર)

જાણી સાક્ષાત્ ધનપતિસખા શંભુને જ્યાં રહેલા
બીકે ધારે ન ભમરમયી જયાતણું ચાપ કામ,
ફેંકી કામી તરફ નયનો ભ્રૂકટાક્ષે અમોઘ
તેનાં કાર્યો ચતુર વનિતાવિભ્રમે સિદ્ધ થાય (૭૯)
આવાસ ત્યાં ધનદગૃહથી ઉત્તરે છે અમારો
દેખાતો જે સુરધનુ સમા તોરણે રમ્ય દૂરે,
જ્યાં છે પાસે સુતસમ ગણી જે પ્રિયાએ ઉછેર્યું
હસ્તગ્રાહ્ય સ્તબકનમિયું બાલમંદારવૃક્ષ. (૮૦)

(ક્રમશઃ દરેક અંકમાં બે પદ્ય મૂકાશે)

### Meghadoota of Kalidas (Editor: Dr.Gautam Patel)

Where knowing Lord Shiv, the friend of Kubera, resides in person there, Kamdev the God of Love, through fear does not generally wield his bee string bow. His task is accomplished by the coquetry of clever women alone, aiming their never failing glances of knitted eyebrows at their lovers. (79)

There is our dwelling to the north of Kubera's palace, easily located from a distance by the gate-way resembling the rainbow and in the vicinity of which there is a young Mandara tree taken care of like a son by my wife and which is bent down with clusters of flowers easily reached by hand(80)

(To be continued: Two verses will be published in every issue.)